# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વેપારી સાથે ખાનગીમાં કરાર થઇ જાય છે,
ને કયારેક લેતી-દેતીમાં દરાર થઇ જાય છે
સરારતમાં ફૂટી જાય કાળાં કૌભાંડનો ભાંડો
હાથમાં આવતા નથી ચોર ફરાર થઇ જાય છે

## હાઇકુ

મોદી-રાહુલ
કરે સજ્જ સૈન્યને
કુરુક્ષેત્રમાં..
(ચૂંટણીનું મહાભારત)

કચ્છ જિલ્લાની,
ચરી જાય ગૌચર -
અદાણી-બેલ
(અનેક ફરિયાદો)

## ચિંતન

**ગજભુજંગ વિહંગમબંધનં શશિ દિવાકર યો ગ્રહ પીડનમ્ ।**
**મતિમતાં ચ સમીક્ષ્ય દરિદ્રતાં વિધિ રહો બલવા નિતિ મે ગતિઃ ॥**

'હાથી જે મહા બળવાન છે, સાપ જે ઇચ્છા મુજબ વિચરનારો છે, પંખીઓ જે મુક્ત રીતે આકાશમાં વિહાર કરી શકે છે તેમને પણ બંધનમાં આવવું પડે છે, અરે ચંદ્ર અને સૂરજ જે જાતે જ ઉત્તમ ગ્રહો છે તેમને પણ ગ્રહોના બંધન નડે છે. આમ બળવાન, બુદ્ધિશાળી અને પ્રતિભાશાળીઓને પણ ગ્રહોના બંધન નડે છે એમની દરિદ્રતા જોઇને અહો - 'દૈવ જ શક્તિશાળી છે' એવી મારી માન્યતા દૃઢ થાય છે.'

શ્લોકના રચયિતા આ શ્લોક દ્વારા ભાગ્યવાદનું સમર્થન કરે છે સામાન્ય રીતે પ્રારબ્ધવાદ અને પુરૂષાર્થવાદ એમ બે પ્રકારના વાદનો હંમેશાં વિવાદ રહ્યો છે. પરિશ્રમ-મહેનત-પુરૂષાર્થ દ્વારા જે સફળતા પ્રાપ્ત થાય છે. તે પુરૂષાર્થવાદ છે પરંતુ અહીં કવિરાજ 'નશીબ' જ બળવાન છે એવું સ્થાપિત કરે છે. બળવાન હાથી, સાપ, પંખીઓ બધા જ સ્વતંત્ર વિહરનારા છે, મુક્ત છે છતાંય ગ્રહોની પીડાને લીધે એ 'બંધન'માં આવી જાય છે.

દરેકના જીવનમાં રાજા હોય કે રંક ગ્રહપીડાનો, સાડાસાતી પનોતીઓનો અનુભવ થાય જ છે રામ જેવા રામ ને વનવાસ અને સીતામાતાને વિરહ વિયોગ સહન કરવાં પડયા.

## સુવિચાર

- ચારિત્ર્ય વગરનું જીવન એ સુગંધ વગરની અગરબત્તી જેવું છે — **વજુ કોટક**
- ઊંચા આસને બીરાજવાથી કંઇ ગૌરવ વધતુ નથી, ગૌરવ તો ગુણોને કારણે આવે છે. કાગડો રાજ મહેલ પર બેસે તેથી તેને ગરૂડ કહેવાય નહિ — **વાર્ધક્ય મુનિ**
- કોઇની મદદ કરવા જયારે તમે હાથ લંબાવો ત્યારે તેની આંખમાં કદી ન જોશો, કારણ કે મજબૂર માણસની આંખમાં રહેલી શરમ આપણા દિલમાં અભિમાનનું બીજ વાવે છે — **અષો જરથુષ્ટ્ર**
- દુનિયાની સૌથી મોટી તકલીફ એ છે કે લોકો સાચું મનમાં બોલે છે અને ખોટું બૂમો પાડીને બોલે છે — **હરકિસન મહેતા**
- જે છે તેનો આનંદ લેવો હોય તો જે નથી તેની ચિંતા છોડી દો — **રજનીશ**
- જે માણસ પોતાની જાત પર હકૂમત ન ચલાવી શકે તે સાચા અર્થમાં સ્વતંત્ર નથી — **પાયથાગોરસ**
- તમારી આંખ, હોઠ અને કાનને બંધ કરી નાખો પછી ઇશ્વર દર્શન ન થાય તો મને કહેજો — **રૂમ મૌલાના**

## બોધ કથા

આપણા સમાજમાં અનેક બદી અને દૂરાચાર ફેલાયેલા છે કોઇ ઘર-પરિવાર-સમાજ ભાગ્યે જ આમાંથી મુક્ત હશે. નેતાઓ-ધાર્મિક સંસ્થાઓ-શૈક્ષણિક સંસ્થાઓમાં પણ આ સડો વ્યાપક છે. આમ છતાં કોઇ સાધુ-સંત કે નેતાની 'સીડી' બહાર આવી જાય ત્યારે ઉહાપોહ થાય છે.

અમેરિકાના પ્રમુખનું જીવન ખૂલ્લી કિતાબ જેવું જાહેર અને પારદર્શક હોય છે. અમેરિકાની પ્રજા ખૂબ જ 'કહેવાતી પ્રગતિશીલ' અને કોઇ પણ જાતનાં સામાજિક બંધનોનો એમને જરા પણ સંકોચ કે છોછ હોતા નથી.

એ દેશનાં રાષ્ટ્રપતિ એકવાર સેક્સકાંડમાં ફસાઇ ગયા. અને વર્તમાનપત્રો-ટીવી-રેડીયો અને સામાજિક સંસ્થાઓમાં એના પર ખૂબ માછલાં ધોવાયાં.

એક ભારતીય ચિંતકે એક પ્રગતિશીલ અમેરિકનને પૂછ્યું, આમ તો તમારી પ્રજા પ્રગતિશીલ અને 'મુક્ત' વિચારધારામાં માને છે તો પણ તમારા રાષ્ટ્રપતિની આવી નાની હરકતને કેમ બધા બહુ ચગાવે છે?

અમેરિકને જવાબ આપ્યો, એ અમારી પ્રજાના પ્રતિનિધિ છે, રક્ષક અને ચિંતક છે, અમે વિમાનમાં દારૂ પીએં પણ અમારા વિમાનના પાયલોટ ને તો દારૂ પીવા ન જ મળે!

સંત મહાત્મા-નેતા-શિક્ષક એ પ્રજાના આદર્શ હોય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# કોણ જાણે કેમ પણ સુજાતાના મનમાં એક વાત ઠસી ગઇ હતી કે તેણે આખી જિંદગી અભાવોની ઘાણીમાં પીસાતા જીંદગી જીવવી નથી, અભાવોની વચ્ચે પૈસા-પૈસા માટે મોહતાજ રહી અરમાનોનું ગળું ઘોંટવું તેને બિલકુલ મંજૂર ન હતું

## નવાં કલેવર

- નટવર હેડાઉ

સુરજ ઊંચે ચડી ગયો હતો. સુજાતા એ આંખો ખોલી. દિવાલ પર લટકતી ઘડિયાળમાં સાડા અગિયાર વાગ્યા હતા. માથામાં હજુ ભયંકર દુઃખાવો થતો હતો. ઉપરથી થાકને કારણે આખું શરીર તૂટતું હતું.

રાકેશ પથારીમાં ન હતો. બાથરૂમ ખાલી પડ્યું હતું. સુજાતા સમજી ગઇ કે એ બહાર જતો રહ્યો છે. જેમતેમ કરી એ પલંગ પરથી નીચે ઉતરી અને ઇલેક્ટ્રીક કિટલીમાં કોફી બનાવી સોફા પર જઇને બેઠી.

કોફીનો ઘુંટડો ભર્યો એટલે જરા રાહત જણાઇ. પછી એ ફ્રેશ થવા ગઇ. ન્હાઇ ધોઇને એક કલાકમાં એ તૈયાર થઇ ગઇ.

કામવાળી બાઇ કીચનમાંથી તેની પસંદના ટોસ્ટ અને દૂધ બનાવી લઇ આવી. નાસ્તો કરી એ નીચે આવી ગઇ.

"મેમ સાહેબ માર્કેટ જવું છે?" ડ્રાઇવરે ગંભીર લહેકા સાથે પૂછ્યું અને જવાબની રાહ જોયા વિના કારનો દરવાજો ખોલીને ઊભો રહ્યો.

"ડ્રાઇવર પંચશીલ પાર્ક તરફ લઇ લો." ગાડીમાં બેસતાં તેણે કહ્યું. ડ્રાઇવર જીગર યસ મેમ કહેતા ડ્રાઇવિંગ સીટ પર બેસી ગયો.

"અરે! સુજાતા તું અહીંયા? આવ... આવ... અંદર જીજાજી કહાં છે? વિશાખાએ પોતાનીને જોઇ ખુશ થતાં પૂછ્યું."

"કેમ જીજાજી વગર અંદર આવવાની પરમીશન તું નહીં આપે?" સુજાતાના લહેકામાં કડવાશ આવી ગઇ.

"અરે! ભઇ લગ્ન પછી દરેક એક્સપર્ટ એવું જ કહે છે કે કપલ સાથે જોવા મળે. વિશાખા પોતાની કોલેજની ખાસ સહેલીનો હાથ પકડી ઘરની અંદર લઇ ગઇ. ઘર સરસ રીતે સજાવેલું હતું. દરેક ચીજ વ્યવસ્થિત દેખાતી હતી. ફર્નિચરથી લઇને ટી.વી. સુધી બધું જ ચમકતું હતું. કયાંક ધૂળની રજકણ જેવું દેખાતું ન હતું."

"તું આ બધું કઇ રીતે મેનેજ કરે છે? કામવાળી બાઇ કરતી હશે ખરૂં ને?" ડ્રોઇંગરૂમની સજાવટથી ઇમ્પ્રેસ થઇ સુજાતાએ પૂછ્યું એટલે વિશાખા હસી પડી. તેનું મુક્ત હાસ્ય એવી રીતે વેરાયું જાણે ઘણાં દિવસથી ગરમી પડતી હોય તેમાં અચાનક ઝરમર વરસાદનું ઝાપટું વરસી જાય.

"અરે! ભઇ બધું જાતે કરવું પડે છે. જો તારી જેમ કોઇ પૈસાદાર છોકરા સાથે લગ્ન કર્યા હોત તો મારે ત્યાં પણ નોકરોની ફોજ હોત." વિશાખાએ સહજ ભાવે કહેલ શબ્દો સુજાતાને કાનમાં તીરની જેમ ભોંકાઇ જતાં એ વિહ્‌વળ થઇ ગઇ.

"હવે તું જ કહે કયારે લગ્ન કરવાં છે? એ પછી આમ જ એકલા રહેવાનો ઇરાદો છે." સુજાતા ઉપેક્ષિત ભાવે પ્રશ્ન કર્યો.

હમણાં તો આપણા રામ આમા જ ખુશ છે. જયારે ઇચ્છા થશે ત્યારે જોઇશું કે કોના હાથમાં આપણી આઝાદી ગીરવે મુકવી. વિશાખાનો જવાબ સીધે સીધો સુજાતાના કલેજામાં ઉતરી ગયો. તેની વાતે એ હચમચી ઉઠી.

"વિશાખા તું સાચું જ કહે છે. આપણી છોકરીઓની આઝાદી લગ્નનાં બંધનમાં બંધાતા જ ખોવાઇ જાય છે. ખાસ કરીને જયારે સાસરીયાં પૈસાદાર હોય..." એટલું કહેતા સુજાતાની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યા. ઘણીવાર સુધી એ પોતાની આપવીતી સંભળાવતી રહી. જયારે કપરકાબીનો અવાજ આવ્યો ત્યારે તેની તંદ્રા તૂટી. "લે તને ભાવટી મમરી અને તીખી પુરી અને કડક કોફી." વિશાખા કોણ જામે કયારે આ બધું બનાવીને લઇ આવી.

"અરે! તને હજુ યાદ છે? કોલેજનાં દિવસોની વાત હજુ તું ભુલી નથી." સુજાતા ફિક્કું હસતાં બોલી પડી.

"સુજાતા, મને તો હજુ બધું જ એવું ને એવું યાદ છે, હવે તું મને કહે કે સાસરીમાં બધા કેવા છે? તારા મિસ્ટર, તું ત્યાં સુખી તો છે ને? કહેતાં વિશાખા પોતાનો કોફીનો મગ લઇ સુજાતા પાસે બેસી ગઇ. તેનો જવાબ સુજાતાએ નહીં પણ તેની આંખોથી વહેતાં આંસુઓએ આપ્યો. તેને ગળામાં ડુમો ભરાઇ આવ્યો. તીખી પુરીનો કટકો તેના ગળેથી ઊતરતો ન હતો. કોફી સીપ કરતાં તે ઉઠીને બેઝિન પાસે ગઇ. મોઢું ધોયું. બેગમાંથી નેપકીન કાઢી લૂંછતા પાછી આવી સોફા પર બેઠી પણ આંસુ હજુ અટકવાનું નામ લેતાં ન હતા. બમણાં વેગથી એ વહી પડ્યાં." વિશાખા એ તેની બહેનપણીનું માથું પોતાના ખભે લીધું. પુરી દસ મીનીટ બંને બહેનપણીઓ નિ:શબ્દ બેઠી રહી. માત્ર આંસુઓ વહેતા રહ્યા. જે બોલ્યા વિના પણ ઘણું બધું કહી રહ્યાં હતા.

તે પછી જયારે અંદરનું તોફાન થોડું શાંત થયું તો સુજાતાના જખ્મોના નિશાન શબ્દોનું રૂપ લઇ હિબકાંઓ પર સવાર થઇ બહાર આવવા લાગ્યા. મધ્યમવર્ગનાં કુટુંબમાં ઉછરેલી સુજાતા તેની પાંચ બહેનોમાં બીજા નંબરે હતી. સામાન્ય આવકને કારણે તેના પિતા જેમતેમ કરીને પાંચે દિકરીઓને ભણાવતા હતા. તે કોઇ નાનીસુની વાત ન હતી. સુજાતા કોલેજમાં આવી તો તેની મોટા ભાગની બહેનપણીઓ પૈસાદાર હતી. તેમની રહેણીકરણી, પહેરવેશ, શોખ બધામાં તેમની અમીરાઇની છાપ જોવા મળતી હતી.

તો સુજાતાની હાલત તેનાથી બિલકુલ વિપરીત હતી. દરેક વાતે પૈસાની બાબતમાં તેને નીચાજોણું થતું હતું. તેની દરિદ્રતાના દુઃખને છોકરીઓ ટોણા મારીને વધારી દેતી હતી. કોલેજના સ્માર્ટ છોકરોઓ પણ પૈસાદાર ઘરની છોકરીઓની આગળ પાછળ ફરવામાં જ પોતાની શાન સમજતાં. નમણી અને રૂપાળી હોવા છતાં સુજાતા તરફ કોઇ ભાવ બતાવતા નહીં. એક વિશાખા હતી. જે તેની પીડા સમજતી હતી. બંનેની જોડી કોલેજમાં જાણીતી હતી. છતાં કયાંક ને કયાંક સુજાતા પોતાની લઘુતાગ્રંથિને કારણે સહજતા જાળવી શકતી ન હતી.

પૈસાની ચમકદમક કરતાં તેનું મહત્ત્વ સુજાતાને ઊંડો ઘા કરી જતું હતું. ઘણી વખત તો એવું બનતું કે ખાસ દિવસો માટે નેપકીન ખરીદવાના પૈસા પણ તેની પાસે ન હોય ત્યારે વિશાખા તેને હેલ્પ કરતી. આ દરમિયાન સુજાતાનું ગ્રેજ્યુએશન પુરૂં થઇ ગયું. તેના પિતાની ઇચ્છા હતી કે એ લગ્ન કરી લે તેથી તેની નાની બહેનો માટે માર્ગ મોકલો થાય. સુજાતા પિતાની મજબૂરી સમજતી હતી. આગળ ભણવાની ઇચ્છા હોવા છતાં તેણે લગ્નની હા પાડી દીધી. મધ્યમવર્ગના કુટુંબમાં જે પ્રકારના માગાં આવતા હોય છે તેવા માગાં આવી રહ્યાં હતા. કોઇ કયારે કલાર્ક તરીકે નોકરી કરતો હતો તો કોઇ વળી શાળામાં શિક્ષક હતો.

કોણ જાણે કેમ પણ સુજાતાના મનમાં એક વાત ઠસી ગઇ હતી કે તેણે આખી જિંદગી અભાવોની ઘાણીમાં પીસાતા જીંદગી જીવવી નથી. અભાવોની વચ્ચે પૈસા-પૈસા માટે મોહતાજ રહી અરમાનોનું ગળું ઘોંટવું તેને બિલકુલ મંજૂર ન હતું. "ના, પપ્પા હું ગૌતમ સાથે લગ્ન નહીં કરૂં, છોકરો બેંકમાં છે તો શું થયું, છે તો કલાર્ક, કેટલું કમાતો હશે?"

"બેટા સુજાતા એવું ન બોલ. કારકુન છે તો શું થયું? ગૌતમ બધી રીતે તારે લાયક છે. મેં બધી તપાસ કરી છે." પિતાએ કહ્યું.

"ના દેવશંકર આપણી દીકરી કઇ જેવા તેવાને શું કામ આપીએ. કરોડપતિ કુટુંબ તેના ઘરની વહુ બનાવવા તૈયાર બેઠું છે. અને મોટા બાપા રાકેશનાં બાયોડેટા લઇને આવી ગયા. સુજાતાને મનગમતું મળી ગયું. પૈસાદાર કુટુંબની વહુ થવાનો મૌકો તેણી ઝડપી લીધો. પોતાનાથી ઉંમરમાં દસ વર્ષ મોટા રાકેશ સાથે લગ્નનાં બંધનમાં બંધાઇને જયાં તેણે સાસરીયાંમાં પગ મુક્યો ત્યાં તેનાં તેની બધી આશા અરમાનો અને મહત્વાંકાંક્ષાઓ એક પછી એક તૂટવા લાગી."

રાકેશમાં બધા જ અવગુણ હતા. નશાખોરીથી લઇને ઐયાસી સુધી. બિઝનેશ તો માત્ર દેખાવ હતો. બાપદાદાની મિલ્કતના જોરે તે જલ્સા કરતો હતો. તેના ઘરનાં પણ એકનો એક દીકરો હોવાથી તેના કરતૂતો પ્રત્ય આંખ આડા કાન કરતા હતા.

તું તારા કામથી કામ રાખ અને મને મારી જીંદગી જીવવા દે. દારૂના નશામાં રાકેશ તેના પર હાથ પર ઉપાડ્યો હતો. સુજાતા કડવો ઘૂંટ પી ને રહી ગઇ. તેણે શું વિચાર્યું હતું ને શું થઇ ગયું? પૈસાની લાલસા તેને આવી હાલતમાં લાવીને મુકી દેશે એવું તેણે કયાં વિચાર્યું જ હતું. સુજાતાને એમ થતું કે ઠીક છે માં બનવાનું મારૂં સપનું તો સાકાર થશે. "મને એવી બબાલમાં પડવાનો બિલકુલ શૌખ નથી. હું તો એશોઆરામભરી જિંદગી જીવવા માગું છું. તું આઝાદ છે. તારી ઇચ્છા થાય તો તું બીજા કોઇ પુરૂષ સાથે..." રાકશનો આ જવાબ સાંભળી હું સુન્ન થઇ ગઇ. હવે તું જ કહે મારે શું કરવું?

વિશાખા અપલક પોતાની સૌથી વ્હાલી સખી સુજાતાની મનની વ્યથા સાંભળી રહી હતી. તે તો વિચારતી હતી કે પોતાની મરજીની લગ્ન કરીને એ સુખી જીવન જીવી રહી હશે. પણ સુજાતા તો... તેના તમામ સુખને ગ્રહણ લાગી ચૂક્યું હતું. પૈસાના મોહમાં અંધ થઇને તેને પિતાના પસંદગીના છોકરા ગૌતમને ઠુકરાવીને જે ભુલ સુજાતાએ કરી તે આવી ભારે પડશે એ કોણે વિચાર્યું હોય. વિશાખા એ પોતાની બહેનપણીનું દુઃખ હળવું કરવા બસ એટલું જ કર્યું, "સુજાતા હું આજે પણ હજુ તારી સાથે છું."

- vanvihari@gmail.com

# કોરા મનની સ્લેટ..!! કુમળા મન પર આકાર લેતી બાળપણની ઘટનાઓ..!!

## કાલાઘેલાં શબ્દોમાં અર્થવિહીની વાકયો, એકની એક વાતથી મા-બાપનું માથું પકવવું મોટર ગાડીની જીદમાં મોટેમોટેથી રડવું, ફરી આજે બાળપણની મધુરી યાદ આવી ગઇ

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

ઓઢણીમાંથી સાડી બનવી, મમ્મીનાં ગોગલ્સ માથે ચઢાવી, હાથમાં ડસ્ટર અને ચૉક લઈને સાડા ત્રણ વર્ષની મૃણમયીએ એની દીદીને કહ્યું, 'તોશાલી દીદી હું ટીચર છું અને તને આજે ભણાવીશ, બોલ તારે શું ભણવું છે? એબીસીડી ભણાવું?

તોશાલી : ના, મારે એબીસીડી નથી ભણવી.

મૃણમયી : અચ્છા, એક થી દસ ભણાવું?

તોશાલી : ના, એ તો મને આવડે છે.

મૃણમયી : પોયમ શીખવી છે? મેં એક બિલાડી પાડી તી'

તોશાલી : ના, ટીચર મારે તો 'બલમ પિચકારી' ગીત શીખવું છે.

મૃણમયી તો આ સાંભળીને તરત જ ખુશ થઈ ગઈ અને 'યે જવાની હૈ દિવાની'નું ગીત 'બલમ પિચકારી જો તુને મુજે મારી, તો બોલે રે જમાના ખરાબી હો ગઈ, સીધી સાદી છોરી શરાબી હો ગઈ' ગાઈને ઠુમકા લગાવવા લાગી અને અચાનક જ એને યાદ આવી ગયું એટલે અટકીને બોલી, 'તોશાલી દીદી, હું તો ટીચર છું અને ટીચર ગીત ના ગાય, ફક્ત ભણાવે...'



પાંચ વર્ષ સુધીના બાળકોના મનમાં અત્યંત કુમળા હોય છે અને તે જયારે આજુબાજુ બનતી ઘટનાઓ સમજતાં હોય ત્યારે એમનાં મનમાં નક્કી શું વિચારો ચાલતા હોય છે? છોકરા-છોકરીઓ શું વિચાર કરતાં હોય છે? આપણે મોટાં થઈએ છીએ અને બધું ભૂલી જઈએ છીએ, કે બાળકોનાં મનમાં કેવા વિચારો ચાલતાં હોય છે? બાળકો એકાદી ઘટના તરફ કેવી રીતે જુએ છે? આસપાસનાં ઓળખીતા કે અણજાન મોટા માણસો સામે કેવી રીતે જુએ છે? નવી આપેલી વસ્તુઓ જોઈને એનો શો વિચાર કરતાં હોય છે? વસ્તુ સમજી એને કેવી રીતે વાપરવી? વસ્તુ અને પોતાની વચ્ચેનો સંબંધનો શો વિચાર કરે છે? આ બધું સમજવું હોય તો એક જ માર્ગ છે અને તે એટલે બાળક બની એમનાં જેવાં વિચાર કરી એમના વિચારોનો તાગ મેળવવો...

મૃણમયીના ઘરે એક 'સાઈરામ' નામનો કાચબો આવ્યો, બાળકને આમેય કૂતરા, બિલાડા, પોપટ, મોર ગમતાં જ હોય એમ આનેય મજા પડી ગઈ. સાઈરામની બુમો પાડી પોતાની હાથે એની પીઠ પર વહાલ કરે અને થોરીયાના પત્તા ખવડાવે... એનાં અવાજને કોઈ જવાબ ના મળતાં એણે પપ્પાને પૂછ્યું, 'હે પપ્પા, આ મારો નાનો બ્રધર સાઈરામ સાંભળતો નથી, હું એને વહાલ કરૂં, ખવડાવું તો પણ એ મારી સાથે વાત કરતો નથી...' આવાં વિચાર બાળક જ કરી શકે, આપણે તો જાણીએ મુગું પ્રાણી શો જવાબ આપે? પણ આ પ્રાણી બાળકોની ભાષા અને લાગણી અવશ્ય સમજતાં હોય છે.

પાંચ મહિનાની મનાલી બગીચામાં વૃક્ષો અને ફૂલો સામે જોતી હતી અને એટલામાં એને ટ્રેનનો અવાજ આવ્યો, સામેથી ધડધડાટ કરતી ટ્રેન પસાર થઈ ગઈ, ચમકીને એણે રેલ્વે સામે જોયું, શું આવ્યું હશે એનાં મનમાં? કાને પડેલાં શબ્દો, હાથથી કરેલો સ્પર્શ, આંખે જોયેલાં દશ્યોની નોંધ એમનાં કુમળા મન પર બહુ જલ્દીથી અંકીત થાય છે. અને એનાં સંદર્ભમાં નવો અનુભવ લઈ, પહેલાંની નોંધ યાદ કરી એની સાથે મેચીંગ કરી જુએ અને નવી રચનાઓ આકાર લેવા માંડે... છોકરાઓ બોલવા લાગે એટલે સમજી એમનું બધું સાંભળી લેવું એ જ આપણું મુખ્ય કામ હોવું જોઈએ, એમનાં બોલવાનું શું નથી હોતું? એમનું સ્વપ્નરંજમ, કવિઓને ભારે પડે એવી કલ્પનાઓનાં પટારા, 'મારૂં મહત્ત્વ-ઈગો, 'હું' એટલે કોણ? નો મસ્ત ભાવ, મારૂં ઘર - મારી ગાડી - મારો રૂમ - મારાં મમ્મી પપ્પા, મારૂં ખાનું.... બુદ્ધિપૂર્વક બેધડક અર્થ લગાડી બનાવાતી વાર્તાઓ... છોકરાઓનાં મનને સમજવા અને જાણવા એને ધ્યાનપૂર્વક સાંભળી લેવું જોઈએ.

મૃણમયીના આંગણમાં બે કાર પાર્ક કરેલી અને એણે પૂછ્યું, 'આ ગાડીનું નામ શું?' જવાબ મળ્યો. 'એસ્ટીલો અને ઓપ્ટ્રા' પછી તો સાડા ત્રણ વર્ષની રમતિયાળ ઢીંગલીને નવો વિષય મળી ગયો અને રસ્તામાં દેખાતી 'નેનો' થી ઈનોવા અને વર્ના થી વેન્ટો સુધીનાં મોટા પણ થાય ખાય એવી ૨૫ પ્રકારની ગાડીઓ દૂરથી દેખાતાં જ નામ સાથે ઓળખી પાડે... ઘરઘથ્થા રમવાં એને એનાં પપ્પાએ ખાસ પૂનાથી પિત્તળનાં રમકડાંનો સંસાર લાવી આપેલો તે એમાં 'બંબો' અને 'ચૂલો' રસોડાનાં ગોતતી હતી. કારણ બાકીનાં વાસણો મેચ થયા પણ 'બંબા'ની જગ્યા ગેસગીઝર અને ચૂલાની જગ્યાએ ગેસ સમજાવતાં આંખે વગર ચૂલાની ધૂણીએ પાણી આવ્યાં તા...

પહેલા ધોરણમાં ભણતો ઈન્દ્રનીલ એની મમ્મી સાથે રસ્તા પરથી પસાર થતો હતો અને બાજુમાંથી ટ્રક નીકળ્યો એટલે એણે મમ્મીને પૂછ્યું, 'મમ્મી, તું મને નાની નાની ગાડીઓ લાવી આપે છે, પણ આવો મોટો ટ્રક કયારે લાવી આપીશ? હું એ ચલાવીશ, મને ટ્રક ચલાવતાં આવડે છે.' આ વાત કરતાં એ જરાય હસ્યો પણ નહોતો અને મજાક પણ કરતો નહોતો, ખરેખર મનમાં વિચારથી કહેતો હતો... એ જ મૃણમયી ખભે પર્સ ભરાવીને અતિશય ગંભીર ચહેરા સાથે કહે છે, 'હું ઓફીસ જઉં છું, ગાડી લઈને' આજુબાજુ ઉભેલા બધાં ખડખડાટ હસી પડ્યાં, પણ એનો ફેસ રીડીંગ પરથી એમની ખરેખર જ ઈચ્છા હતી અને એમ જ લાગતું પણ હતું...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# સ્ત્રી સુરક્ષાના કાયદા સામે પુરૂષોને ઘોર અન્યાય...

## સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

માની લીધું કે સ્ત્રીઓ પર અત્યાચારો થાય છે, માની લીધું કે તેમની સાથે દુષ્કર્મો થાય છે, કેટલીક જગ્યાએ દહેજના કારણે સ્ત્રીઓને જીવતી સળગાવાના બનાવો પણ બને છે. આ બધા જઘન્ય અપરાધ માટે કડક કાયદાની જોગવાઇ હોવી જોઇએ એમાં કોઇ બે મત નથી પરંતુ દિલ્હીની મેડીકલ વિદ્યાર્થીની સાથે થયેલો દુરાચાર બાદ તે વિદ્યાર્થીની મૃત્યુ પામી... સમગ્ર દેશમાં ભયંકર આક્રોશ ફાટી નીકળ્યો પણ હજુ તેના અપરાધીઓને સજા કરી શકાઇ નથી. આપણા કાયદાની આ બલિહારી છે. પણ સ્ત્રી સુરક્ષાની ચિંતામાં કયાંક એવા કાયદાઓ ન ઘડાઇ જાય જેનાથી સમાજ વ્યવસ્થા છિન્નભિન્ન થઇ જાય અને લગ્ન પ્રથા જ તુટવાને આરે આવીને ઊભી રહે... એક ને ન્યાય આપવાની ઘેલછામાં બીજાને અન્યાય કરવો તે પણ અન્યાય જ છે. જેમ કે સ્ત્રીઓને સલામતી આપવાની ચિંતામાં ૧૯૮૩માં દહેજ વિરૂદ્ધ કલમ ૪૯૮ એ જાહેર કરવામાં આવી. એ મુજબ કોઇ પણ સ્ત્રી પોલીસ સ્ટેશનમાં જઇને ફરિયાદ કરે કે તેના સાસરીયા તરફથી માનસિક, શારીરિક ત્રાસ અપાય છે તો ફરિયાદની ચકાસણી કર્યા વગર સાસરીયાઓને જેલ ભેગા કરી દેવામાં આવે છે. જો કે આ જામીનપાત્ર ગુનો છે પણ પોલીસ તરફથી હેરાનગતિ થાય જ છે. આ કલમને કારણે કેટલાય પરિવારોનાં ઘર ભંગાણને આરે છે. દરેક સમાજમાં આ કલમનો બેફામ દુરપયોગ થઇ રહ્યો છે. કેટલીય સત્ય ઘટનાઓ ચિંતા ઉપજાવે તેવી છે.

તાજેતરમાં છ મહિના પહેલા એક યુવાનના ધામધૂમથી લગ્ન થયેલા પણ યુવતીનું લગ્ન અગાઉ પ્રેમપ્રકરણ ચાલતું હતું જેના કારણે થોડા જ સમયમાં યુવતીએ સ્ત્રી ચારિત્ર્યના પાઠ ભજવવા શરૂ કરી દીધા અને પતિને એવી સ્થિતિમાં લાવીને મૂકી દીધો કે તેને છૂટાછેડા આપવા મજબુર થવું પડ્યું. એટલું જ નહિ દહેજધારો અને ઘરેલું હિંસાની કલમો લગાડી સાસરીયા પક્ષને જેલભેગા કરાવ્યા અને ત્યારબાદ સમાધાન કરી કેસ પાછો ખેંચવા પેટે રૂા. ૧૫ લાખની માગણી કરી... યુવકે લગ્નના છ જ મહિનામાં રૂા. ૧૫ લાખ આપી પત્નીને છૂટાછેડાના કરાર કરી આપવા પડ્યા. આવો જ બીજો કિસ્સો એમ.ડી. ગાયનેક ડોકટરનો છે. પત્ની ફિઝીયોથેરાપી ડોકટર છે બંનેની સંમતિથી થયેલા લગ્ન છતાં એક જ વર્ષમાં બંને વચ્ચે ખટરાગ થયો. બંનેને લાગ્યું કે આ સંબંધને પરાણે ચાલુ રાખવામાં જોખમ છે. બંનેએ સંમતિથી અલગ થવાનો નિર્ણય કર્યો, પણ ડોકટર પત્નીએ દમ માર્યો કે છૂટા થવા માટે મને રૂા. ૫૦ લાખ આપવા પડશે નહિતર દહેજધારાની કલમો લગાડી તમારી આબરૂ ધૂળધાણી કરી નાખીશ... ડોકટર મુંઝવણમાં છે... તાજેતરમાં નરોડા ખાતે એક ઘટના ઘટી. એક પુત્રવધુએ વિધુર સસરા પર દહેજ અને માનસિક ત્રાસનો કેસ કર્યો અને સરત મુકી કે કેસ પાછો ખેંચવા માટે ફ્લેટ અમારા નામે આપવો પડશે... અને ૬૫માં વર્ષે વિધુર સસરાએ વૃદ્ધાશ્રમનો સહારો લેવો પડ્યો... દિલ્હીની એક યુવતીએ પોતાના બોયફ્રેન્ડે લગ્ન કરવાની ના પાડતાં તેનાં પર ગેંગરેપનો કેસ કર્યો. બે યુવાનોની ધરપકડ થઇ. તેની એફ.આઇ.આર. ફાટી. બંને જેલ ભેગા થયા પણ યુવતીના બોયફ્રેન્ડ્ ગભરાઇને લગ્નની હા પાડતાં યુવતીએ તેની સામેથી કેસ પાછો ખેંચ્યો. પોલીસને જણાવ્યું કે આવું કંઇ બન્યું જ નથી. બોયફ્રેન્ડે લગ્નની ના પડતાં મેં આવું નાટક કરેલું... બોયફ્રેન્ડ છૂટી ગયો પણ બે યુવાનો સામે કેસ દાખલ થયો તેનું શું?

૧૯૫૪માં સ્પેશિયલ મેરેજ એક્ટ નામનો કાયદો ઘડવામાં આવ્યો હતો તેમાં છુટાછેડાની જોગવાઇ છે પણ આ કાયદામાં સરકાર એવો સુધારો લાવવા માગે છે કે છુટાછેડા લેનાર સ્ત્રીઓ તેના પતિની સંપત્તિમાં સમાન હિસ્સો મળી શકે. ધારો કે પત્નીને લગ્ન કરે છ મહિના થયા હોય પતિની અઢળક સંપત્તિ હોય. પિયર પક્ષ તરફથી ચઢવણી થાય અને પત્ની ૪૯૮ની કલમોનો ખોટો દુરૂપયોગ કરી પતિ સામે કેસ કરી તેની સંપત્તિમાં અડધો ભાગ માગે તો પતિની હાલત શી થાય? પતિને મેટા પાયે ઉદ્યોગ ચાલતો હોય, જર, જમીન, ફ્લેટ વિ.ની વિશાળ સંપત્તિ સ્થાવર જંગલ મિલકતમાંથી પત્નીને ભાગ આપવો પડે તો પતિને આત્મહત્યા સિવાય બીજો કોઇ માર્ગ સુઝે ખરો? કાયદાની અન્યાયી બાજુ એ છે કે પત્ની પાસે ગમે તેટલી મિલકત હોય તેના ભાગ પડે નહિ. આ પ્રકારના કાયદા પછી પુરૂષ કદાચ લગ્ન કરવાનું માંડી વાળે અને લિવઇન રીલેશનશીપની પ્રથા અપનાવે તેવું ન બને? અથવા કોન્ટ્રાક્ટ મેરેજનો રસ્તો અપનાવી કોન્ટ્રેક્ટ પુરો થયે બંને અલગ થાય... આવી પ્રથા સમાજમાં દાખલ થાય તો સમાજવ્યવસ્થા છિન્ન ભિન્ન બંને કે નહિ?

સરકારે ૧૯૯૭માં ઓફિસમાં થતા જાતીય શોષણને માનવ અધિકારોનું ઉલ્લંઘન માન્યું ખરેખર ઓફીસોમાં સ્ત્રીઓની જાતીય સતામણી સામે કડક જોગવાઇ જરૂરી છે પણ આ કાયદાનો સહારો લઇ ગાંધીનગરની એક કચેરીમાં સ્ત્રી કર્મચારી એટલી તુમાખીથી વર્તન કરે છે કે તેને કંઇ પણ કહેવાનું કે કામ બાબત પણ ઠપકો આપવાની કોઇ હિંમત કરી શકે તેમ નથી. ગમે તેની સામે ગમે તેવા પ્રકારની ખોટી અરજીઓ કરી જે તે વ્યક્તિનું માનસિક ટેન્શન વધારી દે છે. સ્ત્રી રક્ષણ માટે બનાવેલ કાયદો હવે તો પુરૂષોને રક્ષણાત્મક સ્થિતિમાં મુકી દે છે.

૨૦૧૦માં સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે બે વ્યક્તિ (સ્ત્રી-પુરૂષ) લગ્ન કર્યા વગર સાથે રહેવા માગતા હોય તો તે કાયદેસર રીતે માન્ય ગણાય. (લીવઇન રીલેશનશીપ) આ કાયદાનો ઉપયોગ કરી કેટલીય ફિલ્મ અભિનેત્રીઓ હરાયા ઢોરની જેમ રખડતી થયાનાં પ્રસંગો જગજાહેર છે છેલ્લી જાતીય સંબંધો અંગેનો કાયદો કરવા સરકાર વિચારી રહી છે કે ૧૬ થી ૧૮ વર્ષની વચ્ચેની યુવતીઓને પરસ્પર સંમતિથી જાતિય સંબંધો બાંધવાની છૂટ આપવી મતલબ કે ૧૬ વર્ષની કન્યા જાતિય સંબંધ બાંધી શકે પણ લગ્ન કરવા ૧૮ વર્ષ સુધી રાહ જોવી પડે. લગ્ન પહેલાં જાતીય સંબંધો બાંધવાની છૂટ... નથી સમજાતું કે આપણા કાયજાબાજો શું કરવા ધારે છે? આ લોકો દેશમાં કયાં લઇ જશે?